# ખેડા જિલ્લામાં ભાજપની ગૌરવયાત્રાને અભૂતપૂર્વ પ્રતિસાદ

નડીયાદ, તા. ૬ ભાજપની આ જનજન સુધીના






સંપર્કની આ ગૌરવયાત્રા છે. ગુજરાતનું ગૌરવ અને પ્રતિષ્ઠા વધે, સૌમાં જનજાગૃતિ ઉભી થાય તથા મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, નરસિંહ મહેતા, કવિ નર્મદ, મોરારજી દેસાઈ અમને નરેન્દ્રભાઈ મોદીજીનું ગૌરવ વધે તે માટેની આ યાત્રા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વથી ગુજરાતની આન, બાન અને શાન વિશ્વમાં વધી છે. ગુજરાતીઓ આજે દુનિયામાં જ્યાં હોય ત્યાં ગૌરવથી પોતે ગુજરાતી હોવાનું સ્વાભિમાન કરી રહ્યા છે. ત્યારે કોંગ્રેસ હવે જુઠ્ઠાણાં ફેલાવી રહી છે. વિકાસની મજાક ઉડાવી રહી છે, આ વિકાસની મજા તેમને ભારે પડવાની છે, વિકાસ એ મજાક નહીં પણ ગુજરાતીઓનો મિજાજ છે. તેમ આજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નડિયાદ ખાતે ગૌરવયાત્રાના આગમન બાદ શ્રી સંતરામ મંદિરના પટાંગણમાં પ્રચંડ જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું.

વધુમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે વિકાસ વેગીલો છે, જોશીલો છે, ઝંઝાવાતી છે જેના પરિણામે માત્ર ત્રણ વર્ષના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના કેન્દ્ર શાસનકાળ દરમ્યાન દેસભરમાંથી કોંગ્રેસના મુળીયા ઉખડી રહ્યા છે. ત્રણ વર્ષમાં જેટલી ચૂંટણીઓ યોજાઈ ત્યાંથી કોંગ્રેસને પ્રજાજનોએ જાકારો આપ્યો છે. પ્રજાજનો હવે શાણા બની ગયા છે અને સમજુ પણ છે. ગુજરાતી તો વેપારી પ્રજા ગણાય છે. ત્યારે આગામી સમયમાં યોજનારી વિધાનસભાની ચૂંટણીઓ દરમ્યાન કોંગ્રેસના અપપ્રચારને જાકારો આપીને ભાજપમાં મુકેલા અપ્રિતમ વિશ્વાસને જાળવી રાખે તેવી હિમાયત પણ કરી હતી.

આ પ્રસંગે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે નડિયાદ વિધાનસભા વિસ્તારમાં થયેલ વિકાસના મોંફાટ વખાણ કર્યા હતા. તેઓએ ૨૦૦૫ના નડિયાદ કરતાં આજનું નડિયાદ સમસ્યામુક્ત બન્યું છે. વરસાદી પાણીના નિકાલ, રેલવે ઓવરબ્રીજ, સહિત પાકા રસ્તાઓ, નડિયાદને મિશન સિટીનો દરજ્જો, મેડીકલ કોલેજની મંજૂરી, ઉત્તરસંડા અને કમળા પાસે ઓવરબ્રીજ, વોટર ફિલ્ટર પ્રોજેટ, જિલ્લાની નવીન ૨૭ કોર્ટ બિલ્ડીંગ તથા અત્યાધુનિક નવા બસ ટર્મિનલ સહિત કરોડો રૂપિયાની ગ્રાંટો ફાળવવામાં આવી છે. આવનારા પાંચ વર્ષ પછીનું નડિયાદ ઉડીને આંખે વળગે તેવુ હશે. ત્યારે વર્તમાન ધારાસભ્ય પંકજભાઈ દેસાઈની કામગીરીને બિરદાવીને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે સાંસદ અને જિલ્લા ભાજપ પ્રમુખ દેવુસિંહજી ચૌહાણે જણાવ્યું હતું કે, ગુજરાતની ધરતી પરથી નરેન્દ્રભાઈ મોદીએ પ્રજાજનોને સૌનો સાથ સૌનો વિકાસ...નો મંત્ર સાર્થક થયો છે જેના પરિણામે આજે કેન્દ્રમાં ભાજપની સરકાર બિરાજેલી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અવિરત વિકાસ કરીને પ્રજાના હૃદયમાં ઉંચુ સ્થાન મેળવ્યુ છે ત્યારે કેટલાક કોંગ્રેસીઓ વિકાસનો વ્યંગ કરી રહ્યા છે. મતની લાલચમાં જ્ઞાતિ-જાતિના ઝઘડાં કરાવનારી અને ચોમેર વૈમનસ્ય ફેલાવનારી કોંગ્રેસ છેલ્લા ૨૦ વર્ષની સત્તાવિહોણી રહી છે ત્યારે હજુ તેઓની ઊંટના હોઠ માટે પાછળ દોડતાં શિયાળ જેવી લાલચ દૂર થઈ નથી. આ લાલચૂઓને પોતાના ઘર દેખાડવાનો સમય હવે પાકી ગયો છે તેમ સૌ પ્રજાજનોને ટંકાર કરતાં જણાવ્યું હતું. ખેડા જિલ્લાના યાત્રાધામ ડાકોરથી પ્રવેશલી ભાજપની ગૌરવયાત્રાને વ્યાપક જનપ્રતિસાદ સાંપડ્યો હતો. મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને પ્રદેશના હોદ્દેદારો પ્રજાજનો દ્વારા ઉરના ઉમળકે થઈ રહેલા સ્વાગતથી ભારે અભિભાવિત થઈ ગયા હતા.

## કોંગ્રેસે તેના કૂળમાં ક્યારેય વિકાસ કર્યો નથી : રૂપાલા

નડિયાદ, તા. ૬

કોંગ્રેસ પાસે કોઈ નેતા નથી, કાયક્રમ નથી એટલે ભાજપ અને તેની સરકારની ટીકા કરવા સિવાય ગુજરાત અને કેન્દ્ર સરકારના પ્રજાલક્ષી વિકાસકાર્યોને વાચા આપવા માટે યોજાઈ રહેલી ગુજરાત ગૌરવ યાત્રા નડિયાદથી પુનઃ પ્રસ્થાન અને ચૂંટણી પતી જાય પછી ક્યાંય ખોવાઈ જાય છે તેની ખબર પડતી નથી. હવે ચૂંટણી આવી છે એટલે તેઓ ઝોલી ઝંડા લઈને નીકળી પડ્યા



હવે તેમની પાસે કોઈ કામ રહ્યું નથી. કોંગ્રેસને ભાજપના શાસનમાં ગુજરાતમાં થયેલો વિકાસ દેખાતો નથી કેમ કે કોંગ્રેસે તેના કૂળમાં ક્યારેય વિકાસ કર્યો નથી અને ચામાચીડીયાની જેમ જ અંધારામાં રહીને સૂરજના પ્રકાશને અવગણે છે તેમ તેઓ વિકાસને પણ ગાંડો થયો તેમ કહી રહ્યા છે તેમ કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ આજે ખાત્રજ ચોકડી અને લિંબાસી ખાતેની યોજાયેલી જાહેરસભામાં કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું.

કરીને ખાત્રજ ચોકડી ખાતે પહોંચી હતી અને ત્યારબાદ મહેમદાવાદ, ખેડા, માતરમાં સ્વાગત સાથે લિંબાસીમાં પહોંચી હતી. જ્યાં યોજાયેલી જાહેરસભામાં કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસે અગાઉની ચૂંટણીમાં ઘરનું ઘર અને રંગીન ટીવી આપવાના પ્રજાને વચનો આપ્યા હતા તેમાંનું કંઈપણ હજુ સુધી પ્રજાને મળ્યું નથી. કોંગ્રેસના આગેવાનો માત્ર ચૂંટણીનો સમય આવે ત્યારે બિલાડીના ટોપની જેમ ફુટી નીકળે છે અને તમારી પાસે પણ આવશે ત્યારે સમગ્ર ચરોતર સહિત ગુજરાતમાંથી તેઓને હવે વિદાય આપવાનો સમય પાકી ગયો છે. સોનાની થાળીમાં લોઢાની મેખની જેમ મહેમદાવાદ સહિત ખેડા જિલ્લામાંથી ફોરલેન રોડના બમ્પ સમા કોંગ્રેસને ઉખાડી ફેંકવાની હાંકલ કરી હતી.

આ પ્રસંગે ગોરધનભાઈ ઝડફીયાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં પાણી અને વીજળીની સમસ્યાનું સંપૂર્ણ નિવારણ થયુ છે.

## પ્રાંતિજ મહાકાલી માતાનાં મંદિરે શરદપૂનમે ગરબા યોજાયા

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ મહાકાલી મંદિર ખાતે આ વર્ષે રાદલ માઈ મંડળ તથા જાયન્ટસ ગૃપ પ્રાંતિજ દ્વારા શરદ પુનમને લઈને મંદિર સંકુલમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગરબા રસિકો ગરબે ગુમતા નજરે જોવા મલ્યા હતા.



પ્રાંતિજ ભાંખરીયા વિસ્તારમાં આવેલ સુપ્રસિદ્ધ પૌરાણિક મહાકાલી મંદિરમાં આ વર્ષે મંદિર વ્યવસ્થાપક શૈલેષભાઈ ત્રિવેદી, અમરીશભાઈ સોની રાદલ માઈ મંડળ અને જાયન્ટસ ગૃપ દ્વારા મંદિર સંકુલમાં શદરપૂનમના ગરબાનું આયોજન કરવામા આવ્યું હતું. જેમા ગરબા રસિકો મંદિર સંકુલમા ઉમટી પડયા હતા અને ગરબે ગુમતા નજરે પડ્યા હતા. જયારે આ વર્ષે મંદિરમાં શરદ પૂનમની રાત્રીએ ગરબાનું આયોજન કરવામાં આવતા ગરબા રસિકોમાં ઉત્સાહની સાથે આનંદ જોવાં મલ્યો હતો અને નવરાત્રીના નવ દિવસ ગરબે ધુમ્યા છતાં નવરાત્રીના છ દિવસ બાદ ફરી શરદ પૂનમ આવતાં ખેલૈયાઓ મન મુકીને ખેલૈયાઓ ગરબે ધુમતા નજરે પડ્યા હતા.



## ડીસા ખાતે શરદપૂર્ણિમા નિમિત્તે ગરબા યોજાયા

ડીસા શહેરમાં શરદપૂર્ણિમા નિમિત્તે ડીસા રાજપુર ખાતે આવેલ લોધવાસમાં સમગ્ર લોધા સમાજ સહીત ધર્મપ્રેમી નાગરીકો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ. જ્યાં શ્રદ્ધાળુઓએ મન મુકીને ગરબે ઘૂમી માતાજીની સ્તુતિ કરી હતી. ડીસા ઢુવા રોડ પર વડતળાવ પાસે આવેલ જોગણી માતાજીના મંદિરે પણ લોધા યુવક મિત્રમંડળ દ્વારા શરદપૂર્ણિમા નિમિત્તે ગરબા યોજાયા હતા. ગરબામાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓ માટે દૂધ કોલ્ડ્રીંગ્સનું આયોજન કરાયુ હતુ. સીથે ખેલૈયાઓ માટે લ્હાણી અને મહાપ્રસાદનું આયોજન કરાયુ હતુ. શહેરમાં લાલચાલી, સોની બજાર, માતા શેઠી, પંચાલ સમાજની વાડી, હાઈવે વિસ્તાર સહીતના વિસ્તારોમાં શરદપૂર્ણિમાની રાતને ખેલૈયાઓએ રંગીન બનાવી હતી.

